અપીલ અરજી નં.૫ તા.૩–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ફૈઝુલહક ઝુલફીકારઅલી સૈયદ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ફૈઝુલહક ઝુલફીકારઅલી સૈયદની તા.૧૮–૨–૧૦ ની અરજીથી (૧) રાંદેરઝોન ધ્વારા આરીફીયા મસ્જીદથી નુરાની રેસીડન્સી સુધી રોડ બનાવેલ છે. જયારે મદીના સોસા. અને ગાયત્રી સોસાયટી પાસે રોડ શા માટે બનાવેલ નથી તે જણાવશો. (૨) મદીના પાર્ક સોસા. અને ગાયત્રી સોસા. ના જે રોડ બનાવેલ નથી તેની માલીકી હાલમા કોની છે. અને અગાઉ રોડ બનાવેલ હતો ત્યારે કોની માલીકી હતી તેની માહિતી આપવા માલીકીના પુરાવા સાથે. (૩) આ રસ્તાની માલીકી કઈ રીતે બદલાઈ તે જણાવવુ અને કોના હુકમથી બદલાઈ અને શામાટે? (૪) આ રસ્તો બનાવવા માટે શું કરવુ? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૪–૧૦ ની **SMC/FAP/** નં.૫/૨૦૧૦–૧૧

શ્રી ફૈઝુલહક ઝુલફીકારઅલી સૈયદની તા.૧૮–૨–૧૦ ની અરજી બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આઉટનં./ ૮૦૮ તા.૧૯–૩–૧૦ થી આપેલ માહિતી મુદ્દા નં.૧ થી ૪ પૈકી મુદ્દા નં.૨ અને ૩ ના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૬ તા.૯–૪–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૮–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/ આ. નં.૬૧૯ તા.૧૮–૨–૧૦ થી રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૮૦૮ તા.૧૯–૩–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જેના અનુસંધાને(૧) રાંદેરઝોન ધ્વારા આરીફીયા મસ્જીદથી નુરાની રેસીડન્સી સુધી રોડ બનાવેલ છે. જયારે મદીના સોસા. અને ગાયત્રી સોસાયટી પાસે રોડ શા માટે બનાવેલ નથી તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરી ધ્વારા આરીફીયા મસ્જિદથી નુરાની રેસીડન્સી સુધી રોડ બનાવેલ છે. જયારે મદીના સોસા. અને ગાયત્રી સોસાયટી પાસેનો રસ્તો ટીપી રસ્તો ન હોય ઝોન કચેરી ધ્વારા બનાવેલ નથી. તેવું જણાવેલ છે. (૨) મદીના પાર્ક સોસા. અને ગાયત્રી સોસા. ના જે રોડ બનાવેલ નથી તેની માલીકી હાલમા કોની છે. અને અગાઉ રોડ બનાવેલ હતો ત્યારે કોની માલીકી હતી તેની માહિતી આપવા માલીકીના પુરાવા સાથે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ રસ્તાની માલીકી સુરત મહાનગરપાલિકાની નથી. તેવું જણાવેલ છે. (૩) આ રસ્તાની માલીકી કઈ રીતે બદલાઈ તે જણાવવુ અને કોના હુકમથી બદલાઈ અને શામાટે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ રસ્તાની માલીકી સુરત મહાનગરપાલિકાની નથી. તેવું જણાવેલ છે. (૪) આ રસ્તો બનાવવા માટે શું કરવુ? તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ રસ્તો બનાવવા સુરત મહાનગરપાલિકાની નીતિ નિયમો મુજબ અરજી કરી ૪૧% લોકફાળો ભરપાઈ કર્યેથી આગળની કાર્યવાહી થઈ શકશે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૩–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરી તા.૧૯–૩–૧૦ ના નિર્ણયથી નારાજ થઈ મુદ્દા નં.૨ અને ૩ ની માલીકી કોની છે તેની માહિતી માંગેલ છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે અનુસાર માહિતી આપવાની રહે છે.મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી આપેલ છે. પરંતુ તેમાં મુદ્દા નં.૨ અંગે અરજદારે માંગેલ માહિતી " અગાઉ રોડ બનાવેલ હતો" તે વિશે કોઈ માહિતી પૂરી પાડેલ નથી. દફતરી હકીકત આ અંગે જે સ્થિતિ હોય તે મુજબની માહિતી તેટલા પૂરતી આપવા પાત્ર થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૨ અંગે " અગાઉ રોડ બનાવેલ " તે બાબતે દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૧૦

ઈ.ચા.ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ફૈઝુલહક ઝુલફીકારઅલી સૈયદ,